# આચમન

અંક: ૫

*શિક્ષણ એજ ધ્યેય...*

જાન્યુઆરી ૨૦૧૪

## શ્રી કોટડા (ચકાર) સી.આર.સી.

કોટડા, તા: ભુજ, જિલ્લો-કચ્છ [ગુજરાત]
પિન: ૩૭૦૧૦૫.



તંત્રી શ્રી: **મયુરભાઇ જી. ભાનુશાલી**
સી.આર.સી. કો-ઓર્ડીનેટર,
કોટડા (ચકાર).



### સંપાદક મંડળ

- ચિરાગ પટેલ, કોટડા આ. પ્રા. શાળા.
- નિતિન પટેલ, જાંબુડી પ્રા. શાળા.
- હરેશ લિંબાણી, કોટડા ઉ. પ્રા. શાળા.
- વિજય પટેલ, સણોસરા પ્રા. શાળા
- હરીલાલ ભાનુશાલી, કૈલાશનગર પ્રા.શાળા
- હાર્દિક રાવલ, ચકાર પ્રા .શાળા

**Our Web Contacts**

**Web site :- crckotda.weebly.com**
**Mail Add :- crckotda2013@gmail.com**
**Facebook :-facebook.com\Crc kotda chakar**

શિક્ષકની જિંદગીની સહુથી મોટી મૂડી એના યોગ્ય વિદ્યાર્થીઓ હોય છે .



## તંત્રી ની કલમે....

નમસ્કાર ,૨૦૧૪ નું વર્ષ શિક્ષણ જગત માટે નવી આશા લઈને આવ્યું છે. નિમ્ન પ્રાથમિક માં પણ આવતા સત્રથી સેમેસ્ટર પદ્ધતિ આવી જશે એવી સંભાવના છે.બાળકો વધુ સારી રીતે અભ્યાસક્રમને ન્યાય આપી શકશે..અને ગુરોદેવો ની વ્યવસાયિક સજ્જતામાં વધારો થાય તેવી આશા રાખીએ. એક આનંદ ના સમાચાર છે કે કોટડા ચકાર સી.આર.સી.ની કૈલાશનગર શાળા એ ગુણોત્સવ માં ‘એ’ ગ્રેડ પ્રાપ્ત કરી ને અમારું ગૌરવ વધાર્યું છે .ટાંચા સાધનો થી પણ ગુણવતા આવી શકે તેનું ઉત્તમ ઉદાહરણ આ શાળા છે. પ્રજાસતાક પર્વની ઉજવણી યાદગાર બની રહી ....

વંદે માતરમ ..................ભારતમાતાકી જય




ઈશ્વર આકાશમાં હસ્તાક્ષર કરે એટલે મેઘધનુષ્ય રચાય !!!!!!



# શિક્ષક

હું શિક્ષક છું, સર્જક છું, ખુદને મુંજાવર માનું છું.
નિત નવા પ્રયોગોથી ,
બાળકને રીઝવી જાણું છું.
છે બસ ભાડું નથી ક્યાં જાઉં,
એ વાત વિચારું છું.
છતાં વર્ગખંડમાં સાતખંડ ભણાવી જાણું છું.
મારા જીવનના પાનાંમાં,
લીટી બે લીટી કોઇ લખે,
ન લખે તે આશ વિના હું
દુનિયાનો ઇતિહાસ ભણાવી જાણું છું.
હું ચિતરું છું, ચિતરી ચડશે,
અવનવું ચિતરનારને સર્જનહાર બનાવી જાણું છું.

હું શિક્ષક છું..... સર્જક છું.....


સ્નેહલ એ. સથવારા
શ્રી કોટડા (આ.) પ્રા. શાળા


## એક વિશિષ્ટ આયામ .....પ્રિય બાળકો માટે

કોટડા ચકાર સી.આર.સી ની કોટડા આથમણા પ્રા.શાળા ની શાળા મુલાકાત અને વર્ગખંડ અવલોકન વખતે એક વિશિષ્ટ પ્રવૃત્તિ થી માહિતગાર થયો .જે અહી મુકું છું.

દરેક બાળકની શીખવાની ઝડપ એકસરખી હોતી નથી .જેને કારણે સામાન્ય રીતે વર્ગખંડમાં જે કાર્ય કરાય છે ,તેમાં અમુક બાળકો પાછળ રહી જય છે .જેના ઉકેલ રૂપે આચાર્ય રાજેશભાઈ ધ્રાંગુ અને વર્ગશિક્ષક રમેશભાઈ ચૌધરી એ એક પા.પા. પગલી પુસ્તિકા સૂજબૂઝ થી તૈયાર કરી છે .જેમાં બાળક બારાક્ષરી પ્રમાણે મહાવરા સાથે શબ્દો શીખી શકે છે . અને તેનું મૂલ્યાંકન કરી તબક્કાવાર આગળ વધી શકે છે .સલામ આવા વિદ્યાર્થી પ્રિય ગુરુઓને ..................



મૌન ક્યારે રહેવું તે જેટલું મહત્વનું છે તેટલું જ મહત્વનું મૌન ક્યારે ન રહેવું તેનું પણ છે .

# કોટડા (ચકાર)સી.આર.સી. ના ફેબ્રુઆરી -૧૪ ના શિક્ષણ દીવડાઓ

We hope that you have a great year and accomplish all the fabulous goals you have set. Wish you a Happy Birthday! May you get the best of everything in life…..

From: Team kotda



શ્રીમતી શીતલબેન પટેલ
૧/૨/૧૯૮૭
કોટડા ઉગમણા પ્રા.શાળા

શ્રી ગીરીશભાઈ પરમાર
૧૦/૨/૧૯૮૫
જાંબુડી પ્રા.શાળા





શ્રીમતી ગીતાબેન પટેલ
૧૩/૨/૧૯૭૪
કોટડા આથમણા પ્રા.શાળા



શ્રી રોહિતભાઈ પટેલ
૨૫/૨/૧૯૮૧
કોટડા ઉગમણા પ્રા.શાળા




વખાણથી ચગવું નહિ , નિંદાથી ડગવું નહિ .



## “પરીક્ષામાં ક્યારેક........”

પરીક્ષામાં ક્યારેક આવું પણ થાય છે.
જે પ્રશ્ન હું તૈયાર કરું તેના કરતાં બીજોજ કોઈ પુછાઈ જાય છે.
જે મને બરાબર આવડે છે, તે જ પછી
ઉતરવહી માં લખવાનું રહી જાય છે.
જે વારંવાર યાદ કર્યું છે એ જ ભૂલાઈ જાય છે.
આંખોમાં ફક્ત દરિયા જેવડા આંસુ જ રહી જાય છે.
જે વિષયમાં હું ફાંકો મારતો હતો, તેમાં
કોઈ બીજો જ મેદાન મારી જાય છે.
પછી, વારંવાર એ જ વાત યાદ આવીને
મને હેરાન કરી જાય છે.
હું જયારે વાંચતો અને જે ફરતા હતા
તે જ વિદ્યાર્થીઓ પરીક્ષામાં આગળ નીકળી જાય છે.
પણ, પછી એકજ ફરિયાદ વારંવાર રહી જાય છે. કે,
યાર ! આવું મારી સાથે જ કેમ થાય છે?

“આ જગતમાં કેટલું ઝેર છે?
ખબર નથી, લોકોને મારાથી શું વેર છે?
મને આશ્વાસન આપતા મારા શિક્ષકોને જોઈને
તેઓ કહે છે કે,
લો ! આના ઉપરતો નાપાસ થયા પછી પણ શિક્ષકોની મહેર છે.!!!”


રાવલ હાર્દિક આર.
ચકાર પ્રા.શાળા



ગયા અંકના જવાબ

**અરુણાચલ પ્રદેશ**

લોક સાહિત્ય ના દશ શબ્દો ના અર્થ

૧અલકમલક   ૨. આંગળિયાત

૩. કંધોતર   ૪. બઘડાટી

૫. રંગલો   ૬. રીખવું

૭. રૂખડું   ૮.મોરો

૯. સંખારો   ૧૦. સાયબો

## બ્રેડમાં નાનાં –નાનાં  કાણાં(છિદ્રો) કેમ હોય છે .?

બ્રેડ બનાવવા માટે સૌ પ્રથમ મેંદાને પાણીમાં ભેળવીને ગુંદવામાં આવે છે .પછી એમાં થોડો આથો લાવવામાં આવે છે . આ આઠને કારણે જ બ્રેડમાં સુગંધ અને સ્વાદ પેદા થાય છે .મેંદાની ગરમી અને ભીનાશને કારણે આથો ઝડપથી ફેલાય છે . આ કારણે ગુંદેલા મેંદામાં અમુલ ગેસ ઉત્પન્ન થાય છે. આ ગેસ થી મેંદો ફૂલે છે અને એનો ઘેરાવો વધી જય છે . ત્યારપછી આ અઠવાળા મેંદાને ભઠ્ઠીમાં નાખવામાં આવે છે .ત્યારે આઠને કારણે પેદા થતા ગેસના પરપોટા ફૂટવાના શરુ થઇ જય છે .,આમ પરપોટા ફૂટતા જ આખી બ્રેડમાં ઢગલાબંધ છિદ્રો થઇ જય છે .

મદનકુમાર ઠક્કર
મુ.શિ. વડવારા પ્રા.શાળા



## વાર નથી લગતી

આશાઓ પર પાણી ફરી જતા વાર નથી લાગતી
કિનારે આવી ડૂબી જતા વાર નથી લગતી .
જીતનો જલસો મનાવવાની ઉતાવળ ન કર
જીતેલી બાજી હારી જતા વાર નથી લગતી.
તારી ઊંચાઇનું નાહક અભિમાન ન કર
મિનારાને તૂટી પડતા વાર નથી લાગતી .
બાંધ્યો છે માંદોતો જરા દિલથી જતન કર
કે માળાને વીંખાઈ જતાં વાર નથી લગતી.
માણીલે હર એક પદ તું આજે
આંખોને મીંચાઈ જતાં વાર નથીલાગતી.

रसीलाबेन दरजी
कोटडा આથમણા પ્રા.શાળા

विश्व में आदमी ही एक मात्र ऐसा प्राणी है ,जो पेड़ काटता है ,उसका कागज बनाता है और उस पर लिखता है ..........

“ पेड़ बचाओ “

આંખમાં અમી તો દુનિયા ગમી ,જીભમાં અમી તો દુનિયા નમી !!!!!



# પુસ્તક પરિચય



પુસ્તકનું નામ : સાગર પંખી
મૂળ લેખક :- રિચર્ડ બાક
અનુવાદ :- મીરાં ભટ્ટ

અંગ્રેજીમાં કહેવત છે," **Small is beautiful** " સાગરપંખી પુસ્તક એ મૂળ અંગ્રેજી નવલકથા "જોનાથન લિવિંગ્સ્ટન સીગલ" છે. આ પુસ્તકનો પરિચય કરાવવો એટલે સૂર્ય સામે દીપક ધરવા જેવું કામ છે.

"જમીન પર જેવા રસ્તાઓ છે, એવા સાગરની સપાટી પર નથી, છતાં પણ ઓ ખલાસી, તું તારા ધારેલા સ્થળે પહોચી જાય છે, કારણકે તારી સામે ધ્રુવ નો તારો છે. હું મહાસાગરમાં ચમકતા દરેક તારાને ધ્રુવનો તારો માનીને બેઠો, ઘરમાં હું ચોવીસે કલાક દિપક ચાલુ રાખતો અને ખૂબ સુખી હતો, પણ એક દિવસ કોઈએ કહ્યું, ઘરમાં શું ભરાઈ બેઠો છે? બહાર નિકળ અને જો તારા કરતા પણ વધારે તેજસ્વી દીપકો ઝળહળી રહ્યા છે. વધારે પ્રકાશ અને સૌદર્યની શોધમાં હું બહાર દોડી ગયો. જોયું તો અસંખ્ય દીપકો મારા દિપક કરતા વધારે પ્રકાશ, સૌદર્ય આ પૃથ્વી ઉપર પાથરતા હતા. એમની તેજસ્વિતા મારા દીપકનું તેજ સામાન્ય લાગ્યું, એ બધું જોઈને હસતાં હસતાં પાછો ઘરે આવ્યો ને મારા દિપક પણ તેજોમય બને એવા અવિરત પ્રયત્ન કરવા સંકલ્પ કર્યો."

સાગરપંખી પુસ્તક નથી પણ પાને-પાને આપણે મીરાં,નરસિંહ અને કૃષ્ણ આપણને દેખાશે. કોઈ લેખકે સરસ કહ્યું છે કે "બહુ વાંચ્યા પછી એવું લાગે છે કે બહુ ઓછા પુસ્તકો વાંચવા લાયક હતા." આ ઓછા પુસ્તકોમાં હું સાગરપંખીને મુકું છું.આ પુસ્તકમાં એક સામાન્ય લગતા સાગરપંખી ની અસામાન્ય શકિત અને શ્રધ્ધા ની વાત છે.આ કથાનો મુખ્ય નાયકનું નામ જોનાથન છે જે સાગરપંખી છે સામાન્ય સાગરપંખીઓ જયારે માત્ર દરિયાઈ માછલી પકડવા માટે ઉડતા ત્યારે જોનાથન વિવિધરીતે ઉડવાનું શીખતો. તે હવામાં ઊંચી ઉડાનો મારતો, તે અસીમ આકાશમાં વિવિધ પદ્ધતિથી ઉડતો પણ અફસોસ કે તેનો સમાજ તે સ્વીકારતો નથી. જે સમાજથી આગળ જીવે છે તે સમાજ ન્યાત બહાર કાઢે છે. એવુંજ જોનાથન થી થાય છે અને સાગરપંખીનું સમાજ તેને ન્યાત બહાર કાઢે છે. જેમ નરસિંહ મહેતાને અન્યાય થાય છે. સાગરપંખીઓ જોનાથનને સ્વીકારતા નથી. જોનાથન વિવિધ રીતે ઊંચે ઉડે છે અને પોતાના સમાજમાં પાછો ફરે છે. જોનાથન પોતાના જેવા ઉડવા માંગતા સાગરપંખીઓની ટીમ બનાવીને સમાજમાં રહી ને ક્રાંતિ કરે છે.

આ એવી વ્યક્તિઓ માટેની કથા છે....

જે પોતાના હ્રદયને અનુસરે છે અને પોતાના નવા નિયમો ઘડે છે... જે પોતાના માટે કંઇક સારું કરવામાં પણ ખાસ પ્રકારનો આનંદ અનુભવે છે... જે જાણે છે કે આંખ જે જુએ છે તેનાથી આગળ પણ જીવન નો વ્યાપ વિસ્તરેલો છે, જેઓ જોનાથનની જેમ વધારે ઊંચી અને વધારે ઝડપી ઉડાન ભરવા માંગે છે.

ચલતે ચલતે :- ઘરને છોડી જનારને મળતી વિશ્વતણી વિશાળતા ...
ઉમાશંકર જોશી

દિક્ષિત મોતા
સણોસરા પ્રા.શાળા

ખુશામતની ખીર કરતાં ખુમારીની ખીચડી ભલી !!!!



શિક્ષક સજ્જતા તાલીમ -૪/૧/૨૦૧૪











# રાષ્ટ્રીય મતદાતા દિન ઉજવણી



સણોસરા પ્રા..શાળા



કોટડા આથમણા પ્રા.શાળા



ચકાર
પ્રા.
શાળા

જાંબુડી
પ્રા.
શાળા





કોટડા ઉગમણા
પ્રા. શાળા



કોઈપણ તમારી દયા ખાય એના કરતાં તમારી ઈર્ષ્યા કરે તે સારું .



## શેરે ગુલશન



ના મળે અધિકાર ત્યારે ગર્જના કરવી પડે
નહિ તો આખી જીન્દગી બસ
યાચના કરવી પડે !!!!

આપવા માંગે જ છે તો આટલું દઈ દે મને ,
યાદ એવી આપ જેને યાદ
ના કરવી પડે !!!!!!

અગાસી છે ઉદાસી થી ભરેલી
પતંગોને કહો ,ન ગોદા મારે ..

એમ કંઈ કોઈ ગમે દિલને દોસ્ત !!
એને કાજ તળથી તરસવું જોઈએ .
ખોવાયા છે એક ગલી માં ,
શોધું પગલાં એ પગલી ના ....

સફર માં કાફલા આગળ હતો હું ,
અમસ્તું જોયું પાછળ ,બસ હતો હું !

હેસિયત કરતા વધુ ખર્ચાયો છું ??
એટલે જાહેર માં ચર્ચાયો છું ......

સોદો કર્યો છે જોઈ વિચારી બિરાદરો
,આપીને દિલ ,નજરની અમે મેળવી મતા ...

એનાથી તો સરસ તારી અવહેલના હતી ,
આ તારી આંખમાં જે ગલત આવકાર છે .

પ્રેમના પ્રકરણ વિષે કંઈ બોલવાનું છોડીએ ,
ચોપડીમાં વચ્ચે એક કોરું પાનું છોડીએ !!!!!

સં. : મયુર જી.ભાનુશાલી
સી.આર.સી. કો.ઓ.



સી.આર.સી કોટડા (ચકાર) દ્વારા પ્રસિધ્ધ થતું "આચમન " મુખપત્ર વાંચ્યો. શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે "સેતુ" જેવું કાર્ય આ ઈ મેગેજીન દ્વારા થઇ રહયું છે .હજી તેમાં વધુ સહ અભ્યાસિક પ્રવૃતિઓ ,કોમ્યુનીટી મોબીલાઈઝેશન,લોકભાગીદારી અને શિક્ષણ માં નવાચાર વિશેના લેખો પ્રસિદ્ધ થાય તો ગમશે .સમગ્ર ટીમ કોટડા ને અભિનંદન .

અસ્ત થતા સૂર્યે પૂછ્યું , " હવે મારું કાર્ય કોણ કરશે ???
ક્યાંક થી એક કોડિયું બોલી ઉઠ્યું ,
"મારાથી બનતું હું કરી છુટીશ "!!!!!

સોનલબેન એ.દવે
ઓ.આઈ.સી.ટીચર્સ ટ્રેનીંગ
એસ.એસ.એ. કચ્છ .

કોઈના બંધનમાં રહીને સાચા હોઈએ એના કરતાં સ્વતંત્ર રહીને ખોટા પડવું વધારે સારું